# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચીવર દ્વારા બાળદિનની શાનદાર ઉજવણી



સહજાનંદ સ્કૂલ ઑફ ઍચીવર, ચિલોડા ખાતે બાળદિનની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. શિક્ષકોએ જ્ઞાન સાથે ગમ્મત આપતી કૃતિઓની રજૂઆત વિદ્યાર્થીઓ માટે કરીને આ ઉજવણીને સાર્થકતા અર્પણ કરી હતી.

## ઍસ. વી. સ્કૂલમાં 'યલો ડે'ની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઇંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'યલો ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો યલો કલરનાં વિવિધ પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરી, યલો કલરની વસ્તુઓ જેવી કે ટેડી બીયર, સનફ્લાવર, રમકડાં, બોલ-બેટ, હેર પિન, બ્રેસલેટ,ચાર્ટ, ફુગ્ગા લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યાં હતાં. બાળકોએ 'યલો યલો, લવલી ફેલો'ના નારા લગાવી શાળાના વાતાવરણને જીવંત બનાવી દીધું હતું. શિક્ષિકાઓએ બાળકોને યલો કલર વિષે માહિતી આપી હતી, જેનાથી બાળકોએ 'learn with fun'ની મજા માણી હતી.વાલીઓએ પણ યલો ડેને સહયોગ આપી, શાળા પરિવારના આ ઉપક્રમને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

### શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી ઍસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળામાં

## વિદ્યાર્થી-વાલીઓને ઉત્તરવહી નિદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી ઍસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા ઑક્ટોબર માસમાં લેવામાં આવેલી પ્રથમ પરીક્ષાના ધોરણ-૯થી ૧૨ના પેપર્સ વાલીઓને અને વિદ્યાર્થીઓને દર્શાવવામાં આયા હતા. ૯૦૬ જેટલા વાલીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષકોએ વિદ્યાર્થીઓનાં પરિણામ સુધારવા માટે સૂચનો પણ કર્યાં હતાં.

## આંતરશાળા વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ગાંધીનગર ડીપીઍસના સિતારા ઝળક્યા



ગાંધીનગર, તા. ૧૬

દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગરમાં આંતરશાળા વિજ્ઞાન અને ગણિતની કૃતિઓનું પ્રદર્શન યોજાયું

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના યજમાનપણા હેઠળ આંતરશાળા વિજ્ઞાન અને ગણિત કૃતિઓનાં પ્રદર્શનમાં ગાંધીનગરની હિલવુડ્સ, બ્રાઈટ ઈન્ટરનેશનલ, એ.પી.એસ., એરપોર્ટ સ્કૂલ, મહાપ્રજ્ઞા સ્કૂલ, સ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ, કેન્દ્રીય વિદ્યાલય-૧, કામેશ્વર ઈન્ટરનેશનલ જેવી કુલ નવ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડો.રાજેશબાબુ (એસોસીયેટ પ્રોફેસર, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિ.) અને ડો. બાલા સુબ્રમણયમ (વિજ્ઞાની, આઈ.પી.આર.) દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.

વિજ્ઞાન પ્રદર્શનની કૃતિઓમાં ડી.પી.એસ. ગાંધીનગરે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે ગણિત પ્રદર્શનની કૃતિઓ પૈકી કેટેગરી-૧માં વિજેતા અને કેટેગરી-૨માં ઉપવિજેતાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાના આચાર્ય અતનુ રથે આ ઉપલબ્ધિ બદલ છાત્રો અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યાં હતાં.



ઍસઍસવી કૅમ્પસ ખાતે બાળદિનની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોએ પણ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. શિક્ષકોએ વિદ્યાર્થીઓને બાળદિનનું મહત્ત્વ સમજાવ્યું હતું. પ્રિ-પ્રાઈમરી વિભાગના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે સુંદર ડાન્સીસની પ્રસ્તુતિ કરી હતી.

## ઍનઆઈઍફટીમાં શાનદાર કોશ્ચ્યુમ જ્વેલરી પ્રદર્શન



ગાંધીનગર, તા. ૧૬

નૅશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ફૅશલ ટૅકનોલૉજી, ગાંધીનગર ખાતે ૧૩થી ૧૫ નવેમ્બર દરમિયાન 'બિયોન્ડ' નામે એક કોશ્ચ્યુમ જ્વેલરી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દર્શકોને વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાનાં સુભગ દર્શન થયાં હતાં.

સંસ્થાના ઍક્સેસરી ડિઝાઈન વિભાગ દ્વારા આ પ્રદર્શનનું આયોજન થયું હતું. વિભાગના અભિષેક શર્માએ ઈવેન્ટની વિગતો આપતાં જણાવ્યું હતું કે કોશ્ચ્યુમ જ્વેલરી એ શણગાર કરતાં વધુ એક આર્ટ કન્સેપ્ટ રહી છે અને તે ૩૦૦ કરતાં વધુ વર્ષોથી ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. ડિઝાઈનના વિષય તરીકે કોશ્ચ્યુમ જ્વેલરી સર્જનાત્કતા તરફ દોરી જતી બાબત છે અને તે વિદ્યાર્થીઓને, રસજ્ઞોને નવીન પ્રકારની શોધો માટે મોટું પ્લૅટફૉર્મ પણ પૂરું પાડે છે. ફૅશન ડિઝાઈન, ઍક્સેસરીઝ ડિઝાઈન, ટૅક્સટાઈલ ડિઝાઈન અને ફૅશન કમ્યુનિકેશન વિભાગના ૭મા સૅમેસ્ટરના ૨૭ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક આ પ્રદર્શનમાં જોડાયા હતા, જેમણે સરળ અને બિનપરંપરાગત સામગ્રીના માધ્યમથી ઉત્કૃષ્ટ ડિઝાઈનનું નિદર્શન કર્યું હતું.

દર્શકોને એ જોઈને આશ્ચર્ય થયું હતું કે વિદ્યાર્થીઓએ કરોળિયાનું જાળું, મેટલ ઍગશૅલ, ડિસ્પોઝેબલ બૅગ્સ, તૂટેલા ગ્લાસ જેવી વસ્તુઓનો ઉપયોગ ડિઝાઈન માટે કર્યો હતો. પોતાની રચના અનોખી દેખાય એ માટે તેમણે ફૅબ્રિક્સ, મૅટલ ફૅન્સ, ફિશ નેટ અને ઍલ્યુમિનીયમ ફૉઈલ જેવી અનોખી વસ્તુઓનો ઉપયોગ કરીને આકર્ષક બૅકડ્રૉપ પણ તૈયાર કર્યાં હતાં.

### વર્ષા વર્માની પ્રભાવક પ્રસ્તુતિ સિક્રેટ સૅલ્ફ અને બ્લુ સર્પન્ટ

મૂળ રાજસ્થાનનાં રહેવાસી વર્ષા વર્માએ આ પ્રદર્શનમાં બે કૃતિઓની રજૂઆત કરી હતી. 'સિક્રેટ સૅલ્ફ' વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે આ રચના પોતાની જિંદગીથી અભિપ્રેરીત છે. તેમણે ઉમેર્યું હતું કે કૃતિમાં સમાવિષ્ટ દરેક ઍલિમેન્ટ એક અર્થ ધરાવે છે અને તે મારી સાથે સંકળાયેલું પણ છે. હું મારી જાતને કેવી રીતે જોઉં છું, શું માનું છું એ બાબત આ કૃતિમાં ઉજાગર થાય છે. પોતાની કૃતિ 'બ્લુ સર્પન્ટ' વિશે વાત કરતાં વર્ષાએ જણાવ્યું હતું કે 'મને અંદરથી ઓળખવામાં ગભરાશો નહીં. સમુદ્ર, જીવનનો અર્થ, ફળદ્રુપ ઉદર અને ભરપૂર રહસ્ય. હું સ્વપ્નો પર ધ્યાન આપું છું અને આ બાબતો પાછળનો ગર્ભિત અર્થ સમજવાનો પ્રયાસ કરું છું, જે મને આજની એ સ્થિતિ સમજવામાં સહાય કરે છે, જેનાં મૂળ ભૂતકાળમાં છે.'

## પુસ્તકો માનવીના સર્વાંગી વિકાસ માટે પ્રેરણારૂપ બની શકે તેમ છે



ગાંધીનગર, તા. ૧૬

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે તા.૧૫મી નવેમ્બરના રોજ રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અને મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પ્રદર્શનને સિનિયર સિટિઝન્સના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત વાચકોને જિલ્લા ગ્રંથપાલ શ્રી ડૉ. જયરામ દેસાઈએ જણાવ્યું હતું કે, પુસ્તક વાંચનથી માનવી મગજને તંદુરસ્ત રાખી શકે છે. પુસ્તકોની મિત્રતા થકી માનવીને એકલતાનો અનુભવ કયારેય થતો નથી. પુસ્તકો માનવીના સર્વાંગી વિકાસ માટે પ્રેરણારૂપ બની શકે છે. આ પુસ્તક પ્રદર્શનનો લાભ ગાંધીનગરના નગરજનોએ મોટી સંખ્યામાં લીધો હતો.